(Email)

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૩/ 12160-91

કમિશ્નર શાળાઓની કચેરી.
૯/૧.ડૉ.જીવરાજ મહેતા ભવન.
ગુ.રા., ગાંધીનગર.
તા:૧૫/૦૯/૨૦૨૩.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી.
તમામ.

વિષય: રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (RMSA/MODEL/MODEL DAY સહિતની ) શાળાઓના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસ માટે નવી બાબત તરીકે મંજુરી મળતા વિદ્યાર્થી સંખ્યા મોકલવા બાબત.

સંદર્ભ: શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:ED/GES/e-file/3/2023/0010/G-1 ,તા: ૦૨/૦૮/૨૦૨૩.

ઉપરોકત વિષય અનુસંધાને જણાવવાનુંકે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:ED/GES/e-file/3/2023/0010/G-1 ,તા: ૦૨/૦૮/૨૦૨૩ થી રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (RMSA/MODEL/MODEL DAY સહિતની ) શાળાઓના વિદ્યાર્થીઓ માટે રાજ્યના સને ૨૦૨૩-૨૪ ના અંદાજપત્રમાં રાજ્યની અંદર શૈક્ષણિક પ્રવાસ માટે વિદ્યાર્થી દીઠ રૂ.૫૦૦/-પ્રતિ વર્ષ સંબધિત શાળાને ફાળવવા માટે નવી બાબત તરીકે રૂ.૫૦૦/- લેખે કુલ રૂ.૮૬૦.૭૦ લાખની ખર્ચની જોગવાઇ માટે મંજુરી મળેલ છે. જે અન્વયે ઉકત ઠરાવમાં દર્શાવેલ જરુરી માર્ગદર્શક સુચનાઓ તથા શરતોને આધીન તેમજ તા:૫/૨/૨૦૧૯ ના પરિપત્ર મુજબ શાળાઓએ પ્રવાસનું આયોજન કરવાનું રહેશે.આ અંગેની જાણ તાત્કાલિક સંબધિત શાળાઓને કરવાની રહેશે. શૈક્ષણિક પ્રવાસ જે-તે શૈક્ષણિક વર્ષ દરમિયાન કરવાનો થતો હોઇ ચાલુ વર્ષે ફેબ્રુઆરી-૨૦૨૪ સુધીમાં આવા શૈક્ષણિક પ્રવાસો પુર્ણ થાય તેવું આયોજન કરવાનું રહેશે.

શિક્ષણ ના ભાગ રૂપ શૈક્ષણિક પ્રવાસ માટે નવી બાબત તરીકે મંજુરી મળતા આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. ચાલુ શૈક્ષણિક વર્ષ માટે આ સાથે નિયત નમુનામાં વિદ્યાર્થી સંખ્યાની વિગત દિન-૧૦માં હાર્ડકોપી તેમજ સોફ્ટ કોપી બિનચૂક રીતે ssmadhyamik3@gmail.com પર મોકલી આપવા વિનંતી. જેથી સમય મર્યાદામાં ગ્રાંટની ફાળવણી કરી શકાય.

બિડાણ:ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રાગાંધીનગર